**ધી રાઇટ ટુ ઈન્ફોરમેશન એક્ટ ૨૦૦૫ સંદર્ભ પશુપાલન નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ખાતે આવતી ઘેટાં વિકાસ શાખાને લગતા ૧૮ પ્રકરણોની વિગતવાર માહિતી દર્શાવતું પત્રક.**

**પત્રક - બ**


| પ્રકરણ નંબર | પ્રકરણનું ટાઈટલ | પેજ નંબર |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૨ |
| ૨ | સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો. | ૩ થી ૬ |
| ૩ | અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો. | ૭ થી ૯ |
| ૪ | કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો. | ૧૦ |
| ૫ | નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ પરાર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત. | ૧૧ |
| ૬ | જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક | ૧૨ |
| ૭ | તેના ભાગ તરીકે રચાયેલ બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક. | ૧૩ |
| ૮ | સરકારી માહિતી અધિકારીઓના નામ, હોદ્દો અને અન્ય વિગતો. | ૧૪ |
| ૯ | નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસારવાની કાર્યપધ્ધતિ. | ૧૫ |
| ૧૦ | અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડીરેક્ટરી) | ૧૬ |
| ૧૧ | વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું | ૧૭ |
| ૧૨ | પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર. | ૧૮ થી ૨૦ |
| ૧૩ | સહાયકી કાર્યક્રમોન અલમ અંગેની કાર્યપધ્ધતિ. | ૨૧ થી ૨૭ |
| ૧૪ | આપેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવવાની વિગતો | ૨૮ |
| ૧૫ | કાર્યો કરવા માટે નક્કિ કરેલા ધોરણો | ૨૯ |
| ૧૬ | વિજાણું રૂપે ઉપલબ્ધ માહિતી | ૩૦ |
| ૧૭ | માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો | ૩૧ |
| ૧૮ | અન્ય ઉપયોગી માહિતી. | ૩૨ |


પ્રતિ,

ઇ.ડી.પી.શાખા (આ કચેરી)

મુ.નં./ધ.વ.શ.-૩/            /૨૦૧૮

તા.    /૦૫/૨૦૧૮

**ધી રાઇટ ટુ ઈન્ફોરમેશન એક્ટ ૨૦૦૫ સંદર્ભ પશુપાલન નિયામકશ્રીની કચેરી, ગુ.રા, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવતી ઘેટાં વિકાસ શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ ૧ ને લગતી માહિતી દર્શાવતું પત્રક.**

**પત્રક - ક**

**પ્રકરણ - ૧**

| વિષય | પ્રસ્તાવના |
|---|---|

આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં પશુપાલન ખાતા અને ગુશીલ હસ્તકના ચાર ઘેટાં સંવર્ધન ફાર્મ છે. અને ચાર બકરાં સંવર્ધન ફાર્મ કાર્યરત છે. તદઉપરાંત ત્રણ ઘનિષ્ટ ઘેટાં વિકાસ ઘટકો જેમાં ગુશીલ હસ્તકના ભૂજ –ભાવનગર ઘટક ના ૪૫ કેન્દ્રો અને પશુપાલન ખાતા હસ્તકના પાલનપુર,દાહોદ,વડોદરા ઘટકના ૪૧ કેન્દ્રો મળીને કૂલ ૮૬ કેન્દ્રો છે. પશુપાલન ખાતા હસ્તકના ચાર જિલ્લા ઘેટાં બકરાં વિસ્તરણ કેન્દ્રો અને ગુશીલ હસ્તકના વિસ્તરણ કેન્દ્રો મળીને કૂલ ૪૬ કેન્દ્રો કાર્યરત છે. ગુશીલના લાર્જ સ્કેલ શીપ બ્રીડીગ ફાર્મ યોજના હેઠળ ૪૫ ઘેટાં કેન્દ્રો કાર્યરત છે.વળી સ્થળાંતર કરતા ઘેટાં બકરાંના ટોળા માટે બે સેવા કેન્દ્રો વિરમગામ અને મોડાસા પણ કાર્યરત છે. આમ,રાજયના કુલ ૧૭૯ ઘેટાં વિસ્તરણ કેન્દ્રો તથા સેવા કેન્દ્રો દ્વારા આરોગ્ય વિષયક સેવાઓ તેમજ તાંત્રિક માર્ગદર્શન પુરા પાડવામાં આવે છે. તેમજ ગુશીલ હસ્તક ૫ (પાંચ) નર ઘેટા ઉછેર કેન્દ્રો છે. ઉનના નમૂનાની ગુણવતા ચકાસવા માટે એક ઉન પૃથકરણ પ્રયોગશાળા મોરબી ખાતે કાર્યરત છે. ઉપરોકત પ્રક્ષેત્રો પરથી ઉચ્ચ ગુણવતા ધરાવતા નર ઘેટાં-બકરાં સંવર્ધન માટે માલધારીઓને પુરા પાડવામાં આવે છે. ખાસ અંગભૂત યોજના હેઠળ અનુ.જાતિના લોકોને બકરાં એકમ (૧૦+૧) પુરા પાડવાની યોજના હેઠળ વર્ષ- ૨૦૧૮-૧૯ માં રૂ ૧૮.૦૦ લાખ જોગવાઇ સુચવેલ છે. અનુ.જન જાતિ પેટા યોજના મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) પુરા પાડવાની યોજના હેઠળ વર્ષ- ૨૦૧૮-૧૯ માં રૂ ૧૯૮.૦૦ લાખ જોગવાઇ સુચવેલ છે. અને જનરલ કેટેગરીના લોકોને બકરાં એકમ (૧૦+૧) પુરા પાડવાની યોજના હેઠળ વર્ષ- ૨૦૧૮-૧૯ માં રૂ ૯૯.૦૦ લાખ જોગવાઇ સુચવેલ છે.

રાજ્યમાં ૨૦ લાખ ઘેટા-બકરાં ને કૃમિનાશક દવા પૂરી પાડવા માટે રૂ ૨૪૦ લાખની જોગવાઇ કરેલ છે. રાજ્યમાં ૨૦૦૦૦ ઉટોને એંટી સરા સારવાર યોજનામાં ૪૦ લાખની જોગવાઇ કરેલ છે. ત્રણ અશ્વ શોના આયોજન માટે ૭૫.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. હોર્સ બ્રીડર અસોસીએશન ની સ્થાપના માટે ૧૦.૫૬ લાખની જોગવાઇ કરેલ છે.

ઉંટના સંવર્ધન સારૂ એક ઉંટ સંવર્ધન ફાર્મ ઢોરી ખાતે કાર્યરત છે. અશ્વ અને ગદર્ભ માટે અશ્વ-ગદર્ભ ફાર્મ ચાણસ્મા તેમજ અશ્વ-ઉછેર ફાર્મ ઇણાજ ખાતે કાર્યરત છે. એક નવા અશ્વ સંવર્ધન ફાર્મ હિંગોળગઢ ખાતે સ્થાપનાની કાર્યવાહી પ્રગતિમાં છે. વાલી ઘોડા સેવા કેન્દ્રો ૧૩ છે.

**રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૨ ને લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક – ક**

**પ્રકરણ -૨**

| | |
|---|---|
| **વિષય :-** | **સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો.** |

**પ્રકરણ (૨) (નિયમ સંગ્રહ – ૧)**

**સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો -**

૨.૧: **જાહેર તંત્ર ઉદેશ / હેતું** : પશુપાલન ખાના હસ્તકની ઘેટા વિકાસ શાખા ધ્વારા સમગ્ર રાજયમાં રાજય સરકાર ધ્વારા ઘેટા બકરા પાલન, અશ્વપાલન અને ગદર્ભપાલન, ઉંટ પાલન વ્યવસાયનો વિકાસ અર્થેનો હેતું.

૨.૨ **જાહેર તંત્રનું મિશન / દુરદેશીપણું (વિકાસ) :** પશુપાલન ખાતા ધ્વારા રાજય સરકારશ્રી વતી ઘેટા બકરા પાલન, અશ્વપાલન અને ગદર્ભ પાલન અને ઉંટ પાલન વ્યવસાય અપનાવવા ઈચ્છુક લાભાર્થીઓને આર્થિક સહાય અથવા જરૂરી જાણકારી પુરી પાડી આવક / રોજગારીની તકો તથા વધારાની રોજગારી અને તે ધ્વારા આવક પુરી પાડવા - કુંટુંબ દીઠ આવકનું સાધન વિસ્તારવું તથા ગ્રામ્ય સ્તરના લોકોની સામાજીક - આર્થિક ક્ક્ષાને બળવત્તર બનાવવી.

દુરંદેશીપણું : આગામી વર્ષોમાં ઘેટા બકરા પાલન, અશ્વપાલન અને ગદર્ભ પાલન વ્યવસાય ક્ષેત્રે વધુ ઉન આપવા, વધુ સેવા આપતા અશ્વ- ગદર્ભ તેમજ ઉંટ જેવા પ્રાણીઓ જેમાં જુદી, જુદી જાતોની ક્ષમતા આધારિત, તેનો ઉછેર, સપ્લાય, વ્યવસાયને લગતી - તકો ઉજળી બનાવવી.

૨.૩: **જાહેર તંત્રનો ટૂંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભઃ** આપણા ખેતી પ્રધાન દેશની આબાદી ગ્રામ્ય અર્થકરણ સાથે સંકળાયેલ હોઈ ગ્રામ્ય સ્તરના લોકો આવક રોજગારી માટે ખેતી તેમજ તેને સંલગ્ન વ્યવસાય એટલે કે ઘેટા, અશ્વ, ગદર્ભ, ઉંટ પાલન વ્યવસાય પણ વર્ષોથી કરતા આવેલ છે. ઘેટા-બકરાં, અશ્વ, ગદર્ભ, ઉંટ પાલન વ્યવસાય ફકત ગ્રામ્ય સ્તરે જ નહી બલકે, શહેરી વિસ્તારમાં અપનાવી શકવાની શકયતા ધરાવતો હોવાથી, વધારાની આવક પુરતો જ સીમિત ન હોઈ, પૂર્ણ રોજગારીના સાધન તરીકે વિકાસ પામી શકે તેવી ક્ષમતા તથા પાસાઓ ધરાવતો હોવાથી પશુપાલન ખાતા માં ઘેટાં વિકાસ શાખા ધ્વારા જુદી જુદી યોજનાઓ હેઠળ અમલમાં મૂકવા અંગેની રચનાઓ આકાર લીધેલ છે.

ભારતની વસ્તીના ૮૦ ટકા લોકા ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનો અંદાજ છે. જેથી આ વ્યવસાય માટેની વિકાસની ઉજળી તકો થકી પશુપાલન ખાતા તેમજ ઘેટા અને ઉન વિકાસ નિગમ ધ્વારા ઘેટાં વિકાસ શાખા ધ્વારા સમગ્ર રાજયમાં વિવિધ યોજનાઓ ધ્વારા તકો પુરી પાડવાના પ્રયત્નો થઈ રહેલ છે.

૨.૪: **જાહેર તંત્રની ફરજો** પશુપાલન ખાતા હસ્તકની ઘેટાં વિકાસ શાખા ધ્વારા વિવિધ યોજનાઓ રાજય સરકારશ્રી વતી અમલમાં મુકવી, તેની યોજનાઓના હેતુ, ઉદેશ - ઢાંચાને અનુરૂપ લક્ષ્યાંક સિધ્ધિ (નાણાંકીય તેમજ ભૌતિક) ની સમીક્ષા હાથ ધરવાની ફરજો મુખ્યત્વે છે.

**૨.૫ જાહેર તંત્રની મુખ્ય પ્રવૃતિઓ / કાર્યોઃ-પશુપાલન ખાતા હસ્તકની ઘેટાં બકરાં વિકાસ કાર્યક્ષેત્ર હેઠળ ક્ષેત્રિયકક્ષાએ અમલી કરણમાં મુકાયેલ વિવિધ યોજનાઓ અંતર્ગત.**

(૧) ઘેટાં બકરાં સંવર્ધન ફાર્મની સ્થાપના તેમજ ઘેટાં બકરા પાલન અંગે માલધારી / પશુપાલકોને તાલીમ આપવી.અને ઉચ્ચ આનુવંશિક ગુણવત્તાવાળા નર ઘેટા-બકરા પૂરા પાડવા

(૨) ઘેટાં - બકરા વિકાસ ઘટક હેઠળ તથા જિલ્લા ઘેટા-બકરાં વિસ્તરણ કેન્દ્રો હેઠળ આરોગ્ય વિષયક સેવાઓ અને કૃમિનાશક દવાઓ પુરી પાડવી.

(૩) વાલીઘોડા સેવા કેન્દ્રો દ્વારા વાલીઘોડા થકી સર્વિસ આપવી તથા અશ્વપાલન અંગે તાલીમ.

(૪) ખાસ અંગભૂત યોજના હેઠળ અનુ. જાતિના લોકોને બકરા એકમો પુરા પાડવા માટે સહાય.

(૫) આદી જાતિ મહિલા લાભાર્થીઓને બકરા એકમો પુરા પાડવા માટે સહાય.

(૬) જનરલ કેટેગરીના લોકોને બકરા એકમો પુરા પાડવા માટે સહાય.

(૭) અશ્વ સંવર્ધન ફાર્મ, અશ્વ/ગદર્ભ સંવર્ધન ફાર્મ ની સ્થાપના.

(૮) ઉંટ ઉછેર કેન્દ્રની સ્થાપના.

(૯) અશ્વ શોના આયોજન માટે આર્થિક સહાય

(૧૦) રાજ્યમાં ૨૦,૦૦૦ ઉંટોને એંટીસરા અને એંટી એકઝીમા પ્રોએકટીવ સારવાર આપવી.

**૨.૭ : જાહેર તંત્રના રાજય નિયામકની કચેરી, પ્રદેશ, જિલ્લો બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ.**

પશુપાલન ખાતા ધ્વારા ઘેટાં વિકાસ શાખા હસ્તકની નીચે જણાવેલ વિવિધ સંસ્થાઓ નીચે મુજબની ઘેટાં, બકરા, અશ્વ, ગદર્ભ, ઉંટ, વિકાસ કાર્યક્રમની કામગીરી હાથ ધરે છે.

(૧) ઘનિષ્ટ ઘેટાં બકરા વિકાસ ઘટક યોજના. – પાલનપુર,દાહોદ,વડોદરા

(૨) ઘેટાં સંવર્ધન ફાર્મ - મોરબી, નલીયા.

(૩) અશ્વ ઉછેર કેન્દ્ર - , ઈણાંજ

(૪) ઉંટ ઉછેર કેન્દ્ર - ઢોરી જિ.કચ્છ,

(૫) અશ્વ ગદર્ભ સંવર્ધન ફાર્મ-ચાણસ્મા જિઃ પાટણ

(૬) બકરાં સંવર્ધન ફાર્મ - નલિયા જિ.કચ્છ,/ કોઢ જિ.ભરૂચ,/ મોટા જામપુરા જી.બનાસકાંઠા/, મોરબી

(૭) થી(૯) વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી-રાજકોટ,અમદાવાદ, વડોદરા.

(૧૦) થી (૧૩) જિલ્લા ઘેટાં-બકરા વિસ્તરણ કેન્દ્રો.-મોરબી, પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર.

(૧૪) ઉન પૃથ્થકરણ પ્રયોગશાળા- મોરબી

(૧૫) થી (૧૬) સ્થળાંતરિત થતાં ઘેટાં બકરા સેવા કેન્દ્ર-વિરમગામ / મોડાસા

(૧૭) થી (૨૯) વાલીઘોડા કેન્દ્ર-પાળિયાદ, ગઢડા, બાબરા, નાગેશ્રી, લીંબડી, સાવરકુંડલા, ધંધુકા, ગોંડલ, ચોટીલા, દિયોદર,ચાણસ્મા, પોરબંદર. ઈણાંજ

**૨.૮ જાહેર તંત્રની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓઃ-**

રાજય સરકારશ્રીએ પશુપાલન ખાતા ધ્વારા ઘેટા-બકરા, અશ્વ, ગદર્ભ ઉંટ વિકાસ હેઠળ વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ લઈ ઘેટા-બકરા, અશ્વ, ગદર્ભ ઉંટ વ્યવસાયને પુરક રોજગારીની તક તરીકે નહી પણ પૂર્ણ રોજગારીની તક તરીકે અપનાવવા અંગેની લોકો પાસેથી અપેક્ષા છે.

**૨.૯ લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓઃ**

જિલ્લા ક્ષેત્રના તમામ ઘેટાં સેવા કેન્દ્રો ધ્વારા ગ્રામ સભાનું આયોજન કરવાના લક્ષ્યાંક મુજબની કામગીરી, રૂબરૂ સંપર્ક તથા ઘેટાં-બકરા, અશ્વ, ગદર્ભપાલન શિબીરનું આયોજન જેમાં મહિલાઓને પણ શિબિરાર્થી તરીકે સામેલ કરીને લોકો ધ્વારા સરકારશ્રીના પશુપાલન ખાતા ધ્વારા ઘેટાં-બકરા, અશ્વ, ગદર્ભપાલન કાર્યક્રમની સમજુતી આપીને લોક સહયોગ મેળવવાની પધ્ધતિ અખત્યાર કરવામાં આવે છે.

**૨.૧૦ સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્રઃ**

સમગ્ર રાજયમાંની પશુપાલન ખાતા હસ્તકની કચેરીઓ, ઘેટાં-બકરા, અશ્વ, ગદર્ભપાલન ઉંટ વિકાસ કાર્યક્રમની કચેરી, ઘટકો, કેન્દ્રો વિગેરે પર જે તે જિલ્લાના ઘટક એકમના વડા, ત્યારબાદ તેમની સર્વે પર વિભાગીય કક્ષાના વડાશ્રી અને પશુપાલન ખાતાની વડી કચેરીની ઘેટાં વિકાસ શાખા ધ્વારા સીધી દેખરેખ તેમજ નિયંત્રણ હાથ ધરાય છે તથા યોજનાકીય વર્ષ દરમ્યાન થતી નાણાંકીય તથા ભૌતિક લક્ષ્યાંકો સિધ્ધી પરત્વે સમીક્ષા હાથ ધરવાની કામગીરી કરવામાં આવે છે.

**૨.૧૧ મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીઓનાં સરનામાં:**

( વપરાશકારને સમજાવવામાં સરળ પડે તે માટે જિલ્લાવાર વર્ગીકરણ )

આ સાથે **પત્રક "અ" સામેલ છે.**

ઘેટાં વિકાસ શાખાના નિયંત્રણ હેઠળની કચેરીઓ

| | | | |
|---|---|---|---|
| ૧ | વહીવટી નિયામકશ્રી,<br>ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લીમીટેડ,<br>ઉધોગ ભવન,બ્લોકનં .૧૮,પાંચમો માળ,<br>ગાંધીનગર. | ૧૨ | નાયબ પશુપાલન નિયામકશ્રી,<br>ઘનિષ્ઠ પશુસુધારણા યોજના,<br>ઘનિષ્ઠ ઘેટાં અને બકરાં વિકાસ ઘટક,પાલનપુર,<br>એસ.ટી.કોલોની સામે,તા.પાલનપુર,જિ.બનાસકાંઠા |
| ૨ | નાયબ પશુપાલન નિયામકશ્રી,<br>ઘેટાં બકરાં સંવર્ધન ફાર્મ,<br>શોભેશ્વર બંગલો,પો.બો.-૩૧૪,મોરબી-૨,<br>તા.મોરબી,જિ.રાજકોટ | ૧૩ | વિસ્તરણ અધિકારીશ્રી,(પશુપાલન)<br>જિલ્લા ઘેટાં વિસ્તરણ કેન્દ્ર-પશુદવાખાના કંમ્પાઉન્ડ,<br>વઢવાણ સીટી,સુરેન્દ્રનગર,જિ.સુરેન્દ્રનગર. |
| ૩ | મદદનીશ પશુપાલન નિયામકશ્રી,<br>ઘેટાં બકરાં સંવર્ધન ફાર્મ,(ઉન પૃથ્થકરણ)<br>શોભેશ્વર બંગલો,પો.બો.-૩૧૪,મોરબી-૨,<br>તા.મોરબી,જિ.રાજકોટ | ૧૪ | વિસ્તરણ અધિકારીશ્રી, (પશુપાલન)<br>જિલ્લા ઘેટાં વિસ્તરણ કેન્દ્ર-પોરબંદર,<br>કલેકટર બંગલા પાસે,લાલ પેલેસ હોટલ સામે,જિ.પોરબંદર. |

| | | | |
|---|---|---|---|
| ૪ | મદદનીશ પશુપાલન નિયામકશ્રી,<br>ઘેટાં  સંવર્ધન ફાર્મ,નલિયા,<br>ભાનાળા એર ફોર્સ,સ્ટેશન સામે.નલિયા,<br>તા.અબડાસા,જિ.કચ્છ. | ૧૫ | વિસ્તરણ અધિકારીશ્રી, (પશુપાલન)<br>જિલ્લા ઘેટાં વિસ્તરણ કેન્દ્ર-અમરેલી,જિ.અમરેલી<br>જેસીંગપરા,રંગપુર રોડ,તુની હાઈસ્કુલ પાસે,અમરેલી. |
| ૫ | નાયબ પશુપાલન નિયામકશ્રી,<br>ધનિષ્ઠ પશુસુધારણા યોજના,<br>કે/ઓઃઅશ્વ ઉછેર કેન્દ્ર, પેડોક, જૂનાગઢ.<br>જિ.જૂનાગઢ | ૧૬ | વિસ્તરણ અધિકારીશ્રી, (પશુપાલન)<br>જિલ્લા ઘેટાં વિસ્તરણ કેન્દ્ર-મોરબી,<br>શોભેશ્વર બંગલો,પો.બો.-૩૧૪,મોરબી-૨,<br>તા.મોરબી,જિ.રાજકોટ |
| ૬ | મદદનીશ પશુપાલન નિયામકશ્રી,<br>અશ્વ ઉછેર કેન્દ્ર, ઈણાજ, તા.વેરાવળ,<br>જિ.જૂનાગઢ | ૧૭ | પશુધન નિરિક્ષકશ્રી,<br>ઘેટાં સેવા કેન્દ્ર,મોડાસા, તા.મોડાસા, જિ.અરવલ્લી |
| ૭ | પશુચિકિત્સા અધિકારીશ્રી,<br>ઉંટ ઉછેર કેન્દ્ર,ઢોરી,તા. ભુજ, જિ.કચ્છ. | ૧૮ | પશુધન નિરિક્ષકશ્રી,<br>ઘેટાં સેવા કેન્દ્ર, વિરમગામ, તા.વિરમગામ,<br>જિ.અમદાવાદ. |
| ૮ | મદદનીશ પશુપાલન નિયામકશ્રી,<br>અશ્વ ગદર્ભ  સંવર્ધન ફાર્મ,ચાણસ્મા,<br>તા.ચાણસ્મા, જિ.પાટણ | ૧૯ | મદદનીશ પશુપાલન નિયામકશ્રી,<br>બકરાં સંવર્ધન ફાર્મ,નલિયા,<br>ભાનાળા એર ફોર્સ,સ્ટેશન સામે.નલિયા,<br>તા.અબડાસા,જિ.કચ્છ. |
| ૯ | મદદનીશ પશુપાલન નિયામકશ્રી,<br>બકરાં સંવર્ધન ફાર્મ, કોંઢ,<br>તા.વાલિયા, જિ.ભરૂચ. | ૨૦ | મદદનીશ પશુપાલન નિયામકશ્રી,<br>ધનિષ્ઠ ઘેટાં અને બકરાં વિકાસ ઘટક,દાહોદ,<br>તા.,જિ.દાહોદ |
| ૧૦ | મદદનીશ પશુપાલન નિયામકશ્રી,<br>બકરાં સંવર્ધન ફાર્મ,મોટા જામપુરા,<br>તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા. | ૨૧ | મદદનીશ પશુપાલન નિયામકશ્રી,<br>ધનિષ્ઠ ઘેટાં અને બકરાં વિકાસ ઘટક,વડોદરા,<br>તા.,જિ.વડોદરા |
| ૧૧ | મદદનીશ પશુપાલન નિયામકશ્રી,<br>બકરાં સંવર્ધન ફાર્મ,મોરબી,<br>શોભેશ્વર બંગલો,પો.બો.-૩૧૪,મોરબી-૨,<br>તા.મોરબી,જિ.રાજકોટ. | | |

**૨.૧૨** કચેરી શરૂ થવાનો સમય : ૧૦.૩૦ સવારે

કચેરી બંધ થવાનો સમય : ૬.૧૦ સાંજે

**ધી રાઈટ ટુ ઈન્ફ્રોમેશન એક્ટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૩ ને લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક – ક**

**પ્રકરણ - ૩**

| વિષય :- | **અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો** |
|---|---|

**અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો**

૩.૧ સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગતો.

હોદો : (૧) નાયબ પશુપાલન નિયામકશ્રી, ઘેટાં વિકાસ શાખા.

(૨) મદદનીશ પશુપાલન નિયામકશ્રી, ઘેટાં વિકાસ શાખા.

(૩) પશુ ચિકિત્સા અધિકારી, ઘેટાં વિકાસ શાખા.

સત્તાઓઃ વહીવટી, નાણાંકીય , અન્યઃ

રાજય સરકારશ્રીના પશુપાલન ખાતાના વડા,પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર વતી ફરજો નિભાવવાની થતી હોવાથી સર્વે પ્રકારની સત્તાઓ નિયામકશ્રીને જ રહેલી છે. તેમ છતાં, પશુપાલન નિયામકશ્રીની સત્તાઓ તેમના વતી નિભાવાય છે.

ફરજો : પશુપાલન નિયામકશ્રી વતી સમગ્ર રાજયમાં ઘેટાં-બકરા, અશ્વ, ગદર્ભ, ઉંટ, તથા વ્યકિતલક્ષી સહાય અન્વયેની સરકારશ્રીની યોજનાઓનું ઉદેશપૂર્ણ અમલીકરણ થાય તે જોવાની ફરજ મુખ્યત્વે છે.ઘેટા શાખાની વહીવટી,નાણાંકીય અને તાંત્રિક કામગીરી કરવી અને કરાવવી તથા સરકારશ્રીના સંપર્કમાં રહી શાખાને લગત કામગીરી કરવી.

**(૧) ટેબલ નં.-૧ અને ૨ના કર્મચારીએ કરવાની થતી કામગીરી.**

(૧) ઘેટા વિકાસ શાખા હસ્તકના ૧૦૪(૧) ઘેટાં સંવર્ધન ફાર્મ-મોરબી,નલિયા, બકરાં સંવર્ધન ફાર્મ-નલિયા, જિલ્લા વિસ્તરણ કેન્દ્રો, અમરેલી, પોરબંદર, મોરબી, સુ.નગર, ઘનિષ્ટ ઘેટાં વિકાસ ઘટક પાલનપુર અને ૧૦૬(૪૨) બાંધકામને લગતી તમામ પ્લાન / નોન પ્લાન યોજનાઓની સઘળી કામગીરી.

(૨) જે યોજનાઓની કામગીરી ફાળવેલ છે, તેનુ રેગ્યુલર વાર્ષિક બજેટ, આઠ માસિક બજેટ, સુધારેલ અંદાજ પત્ર અને એપ્રોપ્રીએશન ઓફ એકાઉન્ટની કામગીરી અને ક્ષેત્રીય કચેરીઓને બજેટની ફાળવણી કરવી.

(૩) ઘેટાં- બકરાં સંવર્ધન ફાર્મ માટે વહીવટી તથા વિવિધ નાણાંકીય મંજુરીને લગતી કાર્યવાહી.

(૪) પુનઃ વિનીયોગ અને પુરક માંગણીઓને લગતી કામગીરી.

(૫) શાખાને લગતા ઓડીટ પેરા, પી.આર.સી. પેરા કે અન્ય ઓડીટને લગતી કામગીરી.

(૬) ફાળવવામાં આવેલ યોજનાઓના ઠરાવ મેળવવા અને વન મન્થ ઓર્ડર કરવાની કામગીરી.

(૭) યોજનાઓને લગતી સરકારશ્રી તરફથી માંગવામાં આવેલ માહિતીનો પત્રવ્યવહાર.

(૮) શાખાને લગતા તમામ પ્રકારના કોર્ટ કેસ અંગેની કામગીરી.

(૯) આર.ટી.આઈને લગતી કામગીરી

(૧૦) વિધાનસભા / લોકસભા પ્રશ્નો, કાપ દરખાસ્ત વગેરેની માહિતી તૈયાર કરવાની કામગીરી.

(૧૧) યોજનાવાર ખર્ચ પત્રક તૈયાર કરવાની કામગીરી.

(૧૨) શાખા હસ્તકના ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લી., ગાંધીનગર (ગુશીલ) ની યોજનાઓની સઘળી કામગીરી.

(૧૩) કેન્દ્ર સરકાર તરફથી મંજુર થતી યોજનાઓને લગતી કામગીરી.

(૧૪) આ ઉપરાંત સંયુંકત પશુપાલન નિયામકશ્રી (પશુપાલન) અને નાયબ પશુપાલન નિયામકશ્રી, (ઘેટા વિકાસ), મદદનિશ પશુપાલન નિયામકશ્રી, (ઘેટા વિકાસ) અને પશુ ચિકિત્સા અધિકારી, ઘેટાં વિકાસ શાખા આપે તે કામગીરી કરવાની રહેશે.

(૨) **ટેબલ નં.-૩ ના કર્મચારીએ કરવાની થતી કામગીરી.**

(૧) ઘેટા વિકાસ શાખા હસ્તકની ૧૦૬(૧) અને ૧૦૬(૨) યોજનાઓને લગતી પ્લાન/નોન પ્લાન યોજનાઓની સઘળી કામગીરી.

(૨) અશ્વ ઉછેર કેન્દ્ર - જુનાગઢ, ઈણાજ, અશ્વ-ગદર્ભ સંવર્ધન ફાર્મ-ચાણસ્મા ઉંટ ઉછેર કેન્દ્ર-ઢોરી ને લગતી સઘળી કામગીરી તથા તમામ તાંત્રિક (જનરલ) પત્ર વ્યવહાર.

(3) ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી તેમજ સરકારશ્રી તરફથીમાંગવામાં આવતી જનરલ તાંત્રિક માહિતી અંગેની માહિતી.

(૫) મીટીંગની કાર્યવાહી નોંધ લખવી તેમજ તેની જરૂરી પુર્તતા મેળવવાની કામગીરી.

(૬) શાખાના અધિકારીઓ / કર્મચારીઓની રજાઓના હિસાબો રાખવા.

(૭) ખાતાની અન્ય શાખાઓ સાથેના આંતરિક પત્રવ્યવહારની તમામ કામગીરી.

(૮) શાખાના રેકર્ડ વર્ગીકરણની કામગીરી.

(૯) શાખાના પત્રકોના આવક જાવક તેમજ પત્રો ટાઈપીંગ માટે મોકલવા અંગેની કામગીરી.

(૧૦) પ્રક્ષેત્રની મીટીંગના બીલો તથા પરચૂરણ બીલોની મંજુરીની કામગીરી.

(૧૧) ફાળવવામાં આવેલ યોજનાઓના ઠરાવ મેળવવા અને વન મન્થ ઓર્ડર કરવાની કામગીરી.

(૧૨) યોજનાઓને લગતી સરકારશ્રી તરફથી માંગવામાં આવેલ માહિતીનો પત્રવ્યવહાર.

(૧૩) જે યોજનાઓની કામગીરી ફાળવેલ છે, તેનુ રેગ્યુલર વાર્ષિક બજેટ, આઠ માસિક બજેટ, સુધારેલ અંદાજ પત્ર અને એપ્રોપ્રીએશન ઓફ એકાઉન્ટની કામગીરી અને ક્ષેત્રીય કચેરીઓને બજેટની ફાળવણી કરવી.

(૧૪) આ ઉપરાંત સંયુંકત પશુપાલન નિયામકશ્રી (પશુપાલન) અને નાયબ પશુપાલન નિયામકશ્રી, (ઘેટા વિકાસ) અને મદદનિશ પશુપાલન નિયામકશ્રી, (ઘેટા વિકાસ), પશુ ચિકિત્સા અધિકારી, ઘેટાં વિકાસ શાખા આપે તે કામગીરી કરવાની રહેશે.

(3) **ટેબલ નં.- ૪ ના કર્મચારીએ કરવાની થતી કામગીરી.**

(૧) ઘેટા વિકાસ શાખા હસ્તકની ૭૯૬(૨૧) યોજનાઓને લગતી પ્લાન / નોન પ્લાન યોજનાઓની સઘળી કામગીરી.

(૨) ઘનિષ્ટ ઘેટા- બકરા વિકાસ ઘટક દાહોદ, વડોદરા અને બકરા સંવર્ધન ફાર્મ કોંઢ તથા સ્થળાંતર કરતા ઘેટા- બકરાના ટોળા માટે સેવા કેન્દ્રો- મોડાસા, વિરમગામને લગતી સઘળી કામગીરી તથા તમામ તાંત્રિક (જનરલ) પત્ર વ્યવહાર.

(૩) ફાળવવામાં આવેલ યોજનાઓના ઠરાવ મેળવવા અને વન મન્થ ઓર્ડર કરવાની કામગીરી.

(૪) યોજનાઓને લગતી સરકારશ્રી તરફથી માંગવામાં આવેલ માહિતીનો પત્રવ્યવહાર.

(૫) શાખા હસ્તકની તમામ યોજનાઓ તાંત્રિક, માસિક પ્રગતિ અહેવાલ મેળવવા તથા રજીસ્ટર નોધવાની કામગીરી.

(૬) જિલ્લા વાર યોજનાઓના લક્ષ્યાંક અને બજેટ વિભાજનની  કામગીરી.

(૭) તમામ યોજનાઓના ભૌતિક લક્ષ્યાંકોની ફાળવણી કરવા અને થયેલ સિધ્ધિની સમીક્ષા કરવાની કામગીરી.

(૮) શાખા હસ્તકની યોજનાઓને લગતી તાલીમ વર્ગ તથા શિબિર અંગેની કામગીરી.

(૯) વાર્ષિક વહીવટી અહેવાલ અને આંકડા શાખાના બુલેટીન માટે માહિતી તૈયાર કરવાની કામગીરી.

(૧૦) લાયબ્રેરી રજીસ્ટર નિભાવણી.

(૧૧) જે યોજનાઓની કામગીરી ફાળવેલ છે, તેનુ રેગ્યુલર વાર્ષિક બજેટ, આઠ માસિક બજેટ, સુધારેલ અંદાજ પત્ર અને એપ્રોપ્રીએશન ઓફ એકાઉન્ટની કામગીરી અને ક્ષેત્રીય કચેરીઓને બજેટની ફાળવણી કરવી.

(૧૨) આ ઉપરાંત સંયુંકત પશુપાલન નિયામકશ્રી (પશુપાલન) અને નાયબ પશુપાલન નિયામકશ્રી, (ઘેટા વિકાસ) અને મદદનિશ પશુપાલન નિયામકશ્રી, (ઘેટા વિકાસ), પશુ ચિકિત્સા અધિકારી, ઘેટાં વિકાસ શાખા આપે તે કામગીરી કરવાની રહેશે.

**ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૪ ને લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક - ક**

**પ્રકરણ -૪**

| | |
|---|---|
| વિષય :- | **કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ નિયમ સંગ્રહ અને ફરજો.** |

**કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ નિયમ સંગ્રહ અને ફરજો.**

૪.૧ જાહેરતંત્ર અથવા તેનાં નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, વિનિયમો, સુચનાઓ અને દફતરોની યાદી નીચેના નમુના મુજબ આપો.

રાજય સરકારશ્રી ધ્વારા પશુપાલન નિયામકશ્રી વતી ઘેટાં વિકાસ શાખા એટલે કે આ એક પશુપાલન નિયામકશ્રીની કચેરીની શાખા હોઈ, સમગ્ર કચેરીની પશુપાલન નિયામકશ્રીની કચેરીની - પ્રશાસન અને વહીવટી શાખા ધ્વારા નિયંત્રણ હેઠળના સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો - વિનિયમો, સુચનાઓ વિગેરેનું અમલીકરણ થાય છે. અત્રેની ઘેટાં વિકાસ શાખાના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓએ પશુપાલન નિયામકશ્રીની કચેરીના ભાગરૂપ જ ફરજ બજાવી રહેલ છે.

વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ અહીંથી મળશે.

**સરનામું:-** પશુપાલન નિયામકશ્રીની કચેરી (પ્રશાસન શાખા) કૃષિભવન બી બ્લોક, ચ રોડ, સેકટર-૧૦એ, ગાંધીનગર

વિભાગ દ્વારા નિયમો ,વિનયમો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ લેવા માટેની ફી- કોઈ પણ પ્રકારની ફી લેવાતી નથી.

**ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. -૫ ને લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક - ક**

**પ્રકરણ -૫**

| | |
|---|---|
| વિષય :- | **નિતિ પડતર અથવા નિતિના અમલ સંબધી જનતાના સભ્યો સાથે સલાહ - પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કંઈ વ્યવસ્થા હોય તો તેની વિગત.** |

નિતિ પડતર અથવા નિતિના અમલ સંબધી જનતાના સભ્યો સાથે સલાહ - પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કંઈ વ્યવસ્થા હોય તો તેની વિગત.

**નિતિ ઘડતર** : સરકારશ્રી ધ્વારા પશુપાલન ખાતા વતી જયારે જરૂર જણાયે નિતિનું ઘડતર કરાતું હોઈ, નીતિ ઘડતર અન્વયે - અત્રેથી કોઈ સીધો ફાળો આપવાનો રહેતો નથી.

**ધી રાઈટ ટુ ઈન્ર્ફોમેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૬ ને લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક - ક**

**પ્રકરણ -૬**

| | |
|---|---|
| વિષય :- | **તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોનીકક્ષાઓ અંગેનું પત્રક** |

જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક

**૬.૧: સરકારી દસ્તાવેજો ................ ઉલ્લેખ કરો.**

પશુપાલન ખાતા હસ્તકની - પશુપાલન નિયામકશ્રી વતી ઘેટાં-બકરા વિકાસ કાર્યક્રમ પરત્વેની કામગીરી કરી રહેલ આ ઘેટાં વિકાશ શાખા અને સરકારશ્રી ધ્વારા ઘેટા-બકરા,અશ્વ, ગદર્ભ ઉંટ, વિકાસ પ્રવૃતિ અર્થે અમલી કરણમાં મુકાતી યોજનાઓ, તેના અમલીકરણ અર્થે સરકારશ્રી સાથે ક્ષેત્રિય કચેરીઓ સાથે થતો પત્ર વ્યવહાર(કોરસપોન્ડસ, તે જ રીતે ભારત સરકારશ્રી ધ્વારા અમલમાં મુકાતી યોજનાઓ પરત્વેનો - ભારત સરકારશ્રી અને ક્ષેત્રિય કક્ષા સાથેનો પત્ર વ્યવહાર વિગેરે દફતરની ઉપલબ્ધી અત્રે છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ઘેટાં વિકાસ શાખાએ પશુપાલન ખાતાના વડાશ્રી પશુપાલન નિયામકશ્રી વતી - કચેરીના એક ભાગરૂપે જ વહીવટ કરતી હોઈ, ઘેટાં વિકાસ શાખા ને લગતા જ દફતરો ઉપલબ્ધ હોય છે.

**ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ  શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. -૭  ને લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક - ક**

**પ્રકરણ -૭**

| | |
|---|---|
| **વિષય :-** | **જાહેર તંત્રના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક :** |

તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક :

**૭.૧:    જાહેર તંત્રને ..........  અન્ય મંડળોની વિગતઃ-**

રાજયમાં પશુપાલન ખાતાની ઘેટાં વિકાસ શાખા હેઠળ ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લી. ગાંધીનગર નામનું એક બોર્ડ કાર્યરત છે. જેનું સરનામુ- વિગત નીચે દર્શાવ્યા મુજબ છે.

ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લી.
બ્લોક નંબર-૧૮ - ઉદ્યોગભવન, પાંચમા માળે, સેકટર-૧૧
ગાંધીનગર

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ  શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. -૮  ને લગતી માહિતી દર્શાવતું પત્રક

પત્રક - ક

પ્રકરણ -૮

| | |
|---|---|
| વિષય :- | સરકારી માહિતી અધિકારીઓનાં નામ, હોદો અને અન્ય વિગતો |

સરકારી માહિતી અધિકારીઓનાં નામ, હોદો અને અન્ય વિગતો( પાન. નં-૧૬ પર સામેલ છે.)

૮.૧   જાહેર તંત્રના સરકારી ........ વિશેની સંપર્ક માહિત.

સમગ્ર પશુપાલન ખાતાને લાગુ પડતું હોવાથી પશુપાલન નિયામકશ્રીની કચેરીની પ્રશાસન અને વહીવટી શાખા દ્વારા નિયત થયે / જણાવાય છે. જે અત્રે લાગુ પડતું નથી.

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ  શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૯  ને લગતી માહિતી દર્શાવતું પત્રક

પત્રક - ક

પ્રકરણ -૯

| | |
|---|---|
| વિષય :- | નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ |

<u>નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિઃ</u>

૯.૧ થી ૯.૬: રાજય સરકારશ્રી દ્વારા પશુપાલન ખાતાના વડાશ્રી દ્વારા પશુપાલન ખાતાનો વહીવટ થતો હોઈ નિર્ણય લેવાની પ્રક્રિયા સીધે સીધી અત્રે સ્પર્શતી ના હોઈ, લાગુ પડતું નથી. રાજય સરકારશ્રીના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ  ધ્વારા પશુપાલન  ખાતા અન્વયેના નિર્ણયો લેવાના હોય છે.

## ધી રાઈટ ટુ ઈન્ફ્રોમેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ શાખા ને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૧૦ ને લગતી માહિતી દર્શાવતું પત્રક

### પત્રક – ક

### પ્રકરણ -૧૦

| વિષય :- | અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડીરેક્ટરી) |
|---|---|

અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા પશુપાલન નિયામકની કચેરી ઘેટાં વિકાસ શાખાની માહિતી.

| અ. નં. | નામ | હોદો | એસ.ટી.ડી. | ફોન નંબર | | ઈ-મેલ | સરનામું |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કચેરી | ઘર | | |
| (૧) | ડો. ડી.એમ.પટેલ | નાયબ પશુપાલન નિયામક | ૦૭૯ | ૨૩૨૫૬૧૮૪ | ૯૪૨૬૫૦૩૦૨૫ | sheephq-anml@gujarat.gov.in | A-૪૦૪ પ્રમુખ ઓરા ફ્લેટ, સરગાસણ ચોકડી પાસે ગાંધીનગર |
| (૨) | ડૉ. એસ.ડી.પરીખ | મદદનીશ પશુપાલન નિયામક | ૦૭૯ | ૨૩૨૫૬૧૮૪ | ૯૪૨૬૪૧૫૧૯૫ | | ૮, શિલ્પ એપાર્ટ્મેન્ટ , બોપલ અમદાવાદ-૩૮૦૦૫૮ |
| (૩) | ડો.પી.જે.દેસાઇ | પશુ ચિકિત્સા અધિકારી | ૦૭૯ | ૨૩૨૫૬૧૮૪ | ૯૪૨૮૭૫૪૩૩૫ | | H -૩૦૩, શુકન રેસીડન્સી, વંદે માતરમ સીટી, ગોતા , અમદાવાદ - ૩૮૨૪૮૧ |
| (૩) | શ્રી ડી.એલ.ચાવડા | જુનિયર ક્લાર્ક | ૦૭૯ | ૨૩૨૫૬૧૮૪ | ૯૮૯૮૬૩૬૩૪૭ | | ૪૧, ભગીરથ પાર્ક-૨ ,પાર્શ્વનાથ ટાઉનશીપ રોડ ક્રિશ્નનગર સૈજપુર બોઘા અમદાવાદ-૩૮૨૩૪૫ |
| (૪) | શ્રી ડી.વી..પરમાર | ગણક | ૦૭૯ | ૨૩૨૫૬૧૮૪ | ૯૭૧૪૧૪૫૮૭૨ | | પ્લોટ નં- ૫૯/૨, સુર્યનારાયણ સોસાયટી, સેકટર-૨૫, ગાંધીનગર |
| (૫) | શ્રી એમ.ટી.ચૌધરી | જુનિયર ક્લાર્ક | ૦૭૯ | ૨૩૨૫૬૧૮૪ | ૯૦૯૯૧૬૫૮૮૯ | | પ્લોટ નં ૧૩૯/૯ જ./૨ ટાઇપ, સેકટર - ૧૨ સી , ગાંધીનગર |

**ધી રાઈટ ટુ ઈન્ફ્રોમેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ  શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૧૧ ને  લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક - ક**

**પ્રકરણ -૧૧**

| | |
|---|---|
| **વિષય :-** | **વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી અંગે કર્મચારીને મળતું માસિક મહેનતાણું** |

**૧૧.૧:** પશુપાલન ખાતા હસ્તકની ઘેટાં વિકાસ પ્રવૃતિ સાથે સંકળાયેલ ઘેટાં વિકાસ શાખા, નિયામકશ્રીની કચેરી ખાતે ફરજ બજાવતા અધિકારી / કર્મચારીઓની નમુના મુજબની પત્રક -૪ માં માહિતી સામેલ કરેલ છે.

| અ.નં. | નામ | હોદો | માસિક મહેનતાણું | વળતર ભથ્થુ સરકારશ્રીના પ્રર્વતમાન | વિનિયમન જણાવ્યા મુજબ મહેનતાણું નકકી કરવાની કાર્યપધ્ધતિ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) | (૫) | (૬) |
| (૧) | ડો. ડી.એમ.પટેલ | નાયબ પશુપાલન નિયામક | ૧૫૬૦૦-૩૯૧00GRADE PAY-૬૬૦૦ | સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર નકકી થયા મુજબ. | સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર નકકી થયા મુજબ. |
| (૨) | ર્ડા. એસ.ડી.પરીખ | મદદનીશ પશુપાલન નિયામક | ૯૩૦૦-૩૪૮૦૦ GRADE PAY-૫૪૦૦ | " | " |
| (3) | ડો.પી.જે.દેસાઇ | પશુ ચિકિત્સા અધિકારી | ૯૩૦૦-૩૪૮૦૦ GRADE PAY-૫૪૦૦ | " | " |
| (3) | શ્રી ડી.એલ.ચાવડા | જુનિયર ક્લાર્ક | ૫૨૦૦-૨૦૨૦૦ GRADE PAY ૧૯૦૦- | " | " |
| (૪) | શ્રી ડી.વી..પરમાર | ગણક | ૧૯૯૫૦/- ફિક્સ | " | " |
| (૫) | શ્રી એમ.ટી.ચૌધરી | જુનિયર ક્લાર્ક | ૧૯૯૫૦/- ફિક્સ | " | " |

**ધી રાઈટ ટુ ઈન્ફ્રોમેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ. રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ  શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૧૨  ને લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક - ક**

**પ્રકરણ -૧૨**

| | |
|---|---|
| વિષય :- | પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર ની વિગતો. |

ઘેટા વિકાસ શાખાને સંલગ્ન તમામ નવી તથા જુની બાબતો અંગે સને ૨૦૧૭-૧૮માં થયેલ જોગવાઇ આ સાથેના પત્રકમાં સામેલ છે.

૧.૧:     નમૂના મુજબનું પત્રક - પરિશિષ્ટ-૧ આ સાથે સામેલ છે.

# પરિશિષ્ટ - ૧

## ઘેટા વિકાસ શાખા દ્વારા અમલીકરણ થનાર ચાલુ તથા નવી યોજનાઓ    વર્ષ : ૨૦૧૭-૧૮

| અ.નં. | યોજનાનું સદર | યોજનાનું નામ | વાર્ષિક જોગવાઇ રૂ. લાખ |
|---|---|---|---|
| ૧. | માગણાનં-૯૬ મહેસુલી<br>૨૪૦૩ પશુપાલન<br>૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, (૨૧) સ્થળાંતર કરતાં ઘેટા બકરાના ટોળા માટે સેવા કેન્દ્ર | બકરા સંવર્ધન ફાર્મ, કોંઢ, જિ. ભરુચ, ઘેટા -બકરા વિકાસ ઘટક દાહોદ અને વડોદરાની સ્થાપના, અને અનુસુચિત જનજાતિની મહિલા લાભાર્થીઓને બકરા એકમ (૧૦+૧) સહાયની યોજના | ૩૭૦.૦૦ |
| ૨. | માગણા નં-૦૪ મહેસુલી<br>૨૪૦૩ પશુપાલન<br>૧૦૪ ઘેટા ઉન વિકાસ ,<br>(૧) ઘેટા-બકરા વિકાસ કાર્યક્રમો | ઘેટા-બકરા સંવર્ધન ફાર્મની સ્થાપના હેઠળ ઘેટા-બકરા સંવર્ધન ફાર્મ મોરબી અને નલિયાની સ્થાપનાની યોજના , ઘેટા-બકરા પાલન અંગે માલધારી શિબિરની યોજના, બકરા સંવર્ધન ફાર્મ, મોરબી અને મોટા જામપુરાની સ્થાપના, તથા ઘેટા-બકરા માટે કૃમિનાશક દવાની ખરીદી, ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમ હેઠળની ઉન સુધારણા યોજના, જનરલ કેટેગરીના લાભાર્થીઓને બકરા એકમ (૧૦+૧) સહાયની યોજના | ૧૯૪૩.૪૩ |
| ૩. | માગણા નં-૦૪ મહેસુલી<br>૨૪૦૩ પશુપાલન<br>૧૦૬ અન્ય પશુધન વિકાસ<br>(૦૨) અશ્વ સંવર્ધન ફાર્મનું વિસ્તરણ | અશ્વ સંવર્ધન ફાર્મ - ઈણાજ જિ. ગીર સોમનાથ ,ઉંટ સંવર્ધન ફાર્મ ઢોરી જિ. કચ્છનું વિસ્તરણ, અશ્વ ગદર્ભ સંવર્ધન ફાર્મ -ચાણસ્મા જિ.પાટણની સ્થાપનાની યોજના, વાલીઘોડા સેવા કેન્દ્રો ચાલુ રાખવા, ઊંટ વર્ગના પ્રાણીઓમાં એન્ટીસરાની સારવાર.<br>અશ્વના બ્રીડર એસો.ની સ્થાપના અને પશુપાલન પ્રવૃત્તિઓ કરવા માટે સહાયની યોજના, અશ્વ શોનુ આયોજન માટે આર્થિક સહાયની યોજના<br>રાજ્યમાં કાઠિયાવાડી અને મારવાડી અશ્વો માટે રેડિયો ફ્રીકવન્સી આઇડેન્ટિફિકેશનની યોજના | ૩૭૩.૦૦ |

| અ.નં. | યોજનાનું સદર | યોજનાનું નામ | વાર્ષિક જોગવાઇ રૂ. લાખ |
|---|---|---|---|
| ૪. | માગણા નં-૯૫ મહેસુલી<br>૨૪૦૩ પશુપાલન<br>૧૦૪ ઘેટા ઉન વિકાસ ,<br>(૧) અનુસુચિત જાતિના લાભાર્થીઓને બકરા એકમ (૧૦+૧) સહાયની યોજના | અનુસુચિત જાતિના લાભાર્થીઓને બકરા એકમ (૧૦+૧) સહાયની યોજના | ૧૮.૦૦ |
| ૫. | માગણા નં-૮૪ મુડી<br>૪૪૦૩ પશુપાલન અંગે મુડી ખર્ચ જોગવાઇ<br>૧૦૬ અન્ય પશુધન વિકાસ<br>(૪૨) મકાન બાંધકામ, મોટા કામ | ૧. અશ્વ સંવર્ધન ફાર્મ - ઈણાજ તા. વેરાવળ, જિ. ગીર સોમનાથ ખાતે વિવિધ બાંધકામની યોજના<br>૨. અશ્વ સંવર્ધન ફાર્મ -હિંગોળગઢ તા. જસદણ , જિ. રાજકોટ ખાતે વિવિધ બાંધકામની યોજના<br>૩. ધનિષ્ટ ઘેટા બકરા વિકાસ ઘટક: દાહોદ (મુવાલિયા) ખાતે કચેરી મકાનનું બાંધકામ<br>૪. અંબોડ અશ્વમેળા સોસાયટી દ્વારા અંબોડ ખાતે અશ્વશોના આયોજનની યોજના | ૪૪.૦૧ |
| ૬. | માગણા નં-૮૪ મુડી<br>૪૪૦૩ પશુપાલન અંગે મુડી ખર્ચ જોગવાઇ<br>૧૦૬ અન્ય પશુધન વિકાસ<br>(૪૨) મકાન બાંધકામ, મોટા કામ | ૧. ઘેટા બકરા સેવા કેન્દ્રો મોડાસા, જિ. અરવલ્લી ખાતે કચેરીના નવિન બાંધકામની યોજના | ૫૮.૮૦ |
| ૭ | માગણા નં-૮૪ મુડી<br>૪૪૦૩ પશુપાલન અંગે મુડી ખર્ચ જોગવાઇ<br>૧૦૬ અન્ય પશુધન વિકાસ<br>(૪૨) મકાન બાંધકામ, મોટા કામ | ૧. અશ્વ ગદર્ભ સંવર્ધન ફાર્મ -ચાણસ્મા જિ.પાટણ ખાતે કમ્પાઉન્ડ વોલ તથા હવાડા બનાવવાની બાંધકામની યોજના | ૪૫.૯૪ |
| ૮ | માગણા નં-૦૪ મહેસુલી<br>૨૪૦૩ પશુપાલન<br>૧૦૬ અન્ય પશુધન વિકાસ<br>(૦૧) ઉંટ ઉછેર કેન્દ્ર ,ઢોરીની સ્થાપનાની યોજના | ઉંટ ઉછેર કેન્દ્ર , ઢોરીની સ્થાપનાની યોજના | ૪૩.૦૭ |

**ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. -૧૩ ને લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક - ક**

**પ્રકરણ -૧૩**

| વિષય :- | સહાયકી કાર્યક્રમોની અમલ અંગેની પધ્ધતિ |
|---|---|

**સહાયકી કાર્યક્રમોની અમલ અંગેની પધ્ધતિ**

**૧૩.૧ :** નીચેના નમૂના મુજબ કાર્યક્રમનું નામ / યોજનાનું નામ

(૧) ખાસ અંગભૂત યોજનાના લાભાર્થીઓ માટે બકરાં એકમોની સ્થાપના માટેની સહાયની યોજના વર્ષ ૨૦૧૮- ૨૦૧૯

(૩) આદિ જાતિની મહિલા લાભાર્થીઓ માટે બકરાં એકમોની સ્થાપના માટેની સહાયની યોજના વર્ષ : ૨૦૧૮- ૨૦૧૯

(૩) જનરલ કેટેગરીના લાભાર્થીઓ માટે બકરાં એકમોની સ્થાપના માટેની સહાયની યોજના વર્ષ : ૨૦૧૮- ૨૦૧૯

કાર્યરત છે તેમ છતાં સદર યોજના સરકારશ્રીની મંજુરીને આધીન હોય છે.

**કાર્યક્રમ / યોજનાનો સમયગાળો**

**કાર્યક્રમનો ઉદેશ :-**

**યોજના નં-૧.**

આ ખાસ અંગભૂત યોજનામાં અનુસુચિત જાતિના લાભાર્થીઓને ગાય, ભેંસ આપવાને બદલે (૧૦ બકરી +૧ બકરો) આપવાથી એક બકરા એકમમાંથી વાર્ષિક રૂપિયા અંદાજીત ૧૦૦૦૦/- ની આવક થશે તેથી ગુજરાત ચલાવવા પુરતી આવક મળી રહેશે. આ યોજનામાં એકમ ખર્ચ રૂપિયા ૬૦૦૦૦/- થશે તે પૈકી લાભાર્થી ને યુનિટ કોસ્ટના ૫૦% અથવા વધુમાં વધુ રૂપિયા ૩૦૦૦૦/- સહાય પેટે ચુકવવામાં આવશે, બાકીના રૂપિયા ૩૦૦૦૦/- ખોરાક, પાણી, ચારો, રહેઠાણ, દવા ખાણદાણ અને શ્રમ પેટે લાભાર્થીએ ભોગવવાના રહેશે. જીલ્લા પંચાયતો દ્વારા યોજનાનુ અમલીકરણ થાય છે,

**યોજના નં-૨.**

આ યોજનામાં અનુસુચિત જન જાતિની મહિલા લાભાર્થીઓ માટે બકરાં એકમ સ્થાપના માટેની સહાય યોજના અંતર્ગત (૧૦ બકરી +૧ બકરો) આપવાની યોજના અમલમાં છે. આ યોજનામાં એકમ ખર્ચ રૂ. ૬૦૦૦૦/- થશે. તે પૈકી લાભાર્થી ને યુનિટ કોસ્ટના ૫૦% અથવા વધુમાં વધુ રૂપિયા ૩૦૦૦૦/- સહાય પેટે ચુકવવામાં આવશે, બાકીના રૂપિયા ૩૦૦૦૦/- ખોરાક, પાણી, ચારો, રહેઠાણ, દવા, ખાણદાણ અને શ્રમ પેટે લાભાર્થીએ ભોગવવાનારહેશે.જીલ્લા પંચાયતો દ્વારા યોજનાનુ અમલીકરણ થાય છે,

**યોજના નં-૩.**

આ યોજનામાં જનરલ કેટેગરીના લાભાર્થીઓ માટે બકરાં એકમ સ્થાપના માટેની સહાય યોજના અંતર્ગત (૧૦ બકરી +૧ બકરો) આપવાની યોજના અમલમાં છે. આ યોજનામાં એકમ ખર્ચ રૂ. ૬૦૦૦૦/- થશે. તે પૈકી લાભાર્થી ને યુનિટ કોસ્ટના ૫૦% અથવા વધુમાં વધુ રૂપિયા ૩૦૦૦૦/- સહાય પેટે ચુકવવામાં આવશે, બાકીના

રૂપિયા ૩૦૦૦૦/- ખોરાક, પાણી, ચારો, રહેઠાણ, દવા, ખાણદાણ અને શ્રમ પેટે લાભાર્થીએ ભોગવવાનારહેશે.જીલ્લા પંચાયતો દ્વારા યોજનાનુ અમલીકરણ થાય છે,

**કાર્યક્રમ નો લાભ લેવાની પધ્ધતિ :-**

ક્ષેત્રીય કક્ષાએ દરેક જિલ્લા સ્તરે પંચાયત સ્તરે યોજનાનું અમલીકરણ થાય છે. પંચાયતની કચેરીઓ ધ્વારા પશુચિકિત્સા અધિકારી મારફતે ઓન લાઇન અરજી મેળવી ચકાસી પાત્રતા થયેથી અરજીઓ નાયબ પશુપાલન નિયામકશ્રી. જિ.પંચાયતની કચેરીએ મંજુરી અર્થે મોકલી આપવામાં આવે છે. આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ , જનરલ કેટેગરીના ઉમેદવારોને આવરી લીધેલ છે.

**પાત્રતા નકકી કરવાના માપદંડો :-**

પ્રકરણ-૧૩ પત્રકના શરતો અને બોલીઓ અને બોલીઓની નકલ સામેલ છે.

**સહાયકી વિતરણની કાર્ય પધ્ધતિ**

અરજી કયાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો :-

જે તે જિલ્લાના નાયબ પશુપાલન નિયામકશ્રી જિલ્લા પંચાયતનો સંપર્ક કરવાનો રહેશે.

**અરજી ફી :-** વિના મૂલ્યે અરજી સ્વીકારવામાં આવે છે.

**અન્ય ફી :-** ઉપર મુજબ

**અરજી પત્રકનો નમુનો :-**અરજી પત્રકનો નમુનો (I KISSAN PORTAL પર ઓન લાઇન અરજી કરવાની છે.)

**બિડાણોની યાદી :ક**

અનુસુચિત જાતિ ના લાભાર્થીઓ માટે **૧૦+૧** બકરાં એકમ સ્થાપના

૧. બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક

૨. બારકોડેડ રેશનકાર્ડ ૩. આધારકાર્ડ ૪. જન્મતારીખનો આધાર ૫. ચુંટણીકાર્ડ/ સરકારમાન્ય ફોટો ઓળખકાર્ડ ૬. સક્ષમ અધિકારીશ્રીનો જાતિનો દાખલો

અનુસુચિત જન જાતિની મહિલા લાભાર્થીઓ માટે **૧૦+૧** બકરાં એકમ સ્થાપના

૧. બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક

૨. બારકોડેડ રેશનકાર્ડ ૩. આધારકાર્ડ ૪. જન્મતારીખનો આધાર ૫. ચુંટણીકાર્ડ/ સરકારમાન્ય ફોટો ઓળખકાર્ડ ૬. સક્ષમ અધિકારીશ્રીનો જાતિનો દાખલો

૭. વિધવા/ત્યક્તા/ શારિરીક અપંગતાનું સક્ષમ અધિકારીશ્રીનુ પ્રમાણપત્ર

જનરલ કેટેગરીના લાભાર્થીઓ માટે **૧૦+૧ બકરા એકમ**

૧. બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક

૨. બારકોડેડ રેશનકાર્ડ ૩. આધારકાર્ડ ૪. જન્મતારીખનો આધાર

૫. ચુંટણીકાર્ડ/ સરકારમાન્ય ફોટો ઓળખકાર્ડ

**પ્રકિયાને લગતી સમસ્યા અંગે કયાં સંપર્ક કરવો :**

જે તે જિલ્લાના નાયબ પશુપાલન નિયામકશ્રી જિલ્લા પંચાયત અને પશુ દવાખાનાનો સંપર્ક કરવો

## પરિશિષ્ટ-અ

### અનુસૂચિત જાતિ પેટા યોજનાના લાભાર્થીઓ માટે બકરાં એકમોની સ્થાપના માટેની સહાય (શરતો)

### બોલીઓ વર્ષ: ૨૦૧૮-૨૦૧૯

૧. આ યોજનાનો લાભ ફકત અનુસૂચિત જાતિના પુખ્ત વયના લાભાર્થીઓનેજ આપવાનો રહેશે. એક જ કુટુંબના એક જ સભ્યને લાભ આપવાનો રહેશે.

૨. લાભાર્થીઓની અરજીઓ અને પસંદગી આઇ ખેડૂત ઓન લાઇન પધ્ધતિથી થશે. તેમજ આઇ ખેડૂત ઓન લાઇન પોર્ટલ ચાલુ હોય ત્યારે લાભાર્થીએ ઓન લાઇન અરજી કરવાની રહેશે.

૩. લાભાર્થી ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ માટેના સાધનિક દસ્તાવેજો / દાખલાઓ સ્કેન કરી ઓનલાઇન આઇ- ખેડૂત પોર્ટલ ઉપર એટેચ કરી શકે છે અથવા ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ કરી અરજી પર દર્શાવેલી ઓફિસ/ કચેરીના સરનામે નિયત સમયમર્યાદામાં (૭ દિવસમાં ) રજુ કરવાના રહેશે.

૪. લાભાર્થીઓની અરજીઓની ચકાસણી તથા ભલામણ તાલુકા અથવા તાલુકાના સેજાના પશુચિકિત્સા અધિકારી કરશે.અને તેઓ મારફતે નાયબ પશુપાલન નિયામક,જિલ્લા પંચાયતને મોકલવામાં આવશે. જેઓ તાંત્રિક મંજુરી તથા સુપરવિઝન વગેરેની કાર્યવાહી કરશે.

૫. લાભાર્થીએ અરજીને ઓનલાઇન પુર્વ મંજુરી મળ્યાના ૯૦ દિવસની સમયમર્યાદામાં એકમની સ્થાપના / ઘટક ખરીદી કરવાની રહેશે. તથા તે અંગેના ખરીદી / બાંધકામના બીલો સમયમર્યાદામાં રજુ કરવાના રહેશે. જો લાભાર્થી આ પ્રમાણે નિયત સમયમર્યાદામાં એકમની સ્થાપના / ખરીદી કરવામાં નિષ્ફળ જશે અથવા સક્ષમ ન હોવાનું જણાયે લાભાર્થીને આપવામાં આવેલ મંજુરી આદેશ રદ કરી પ્રતિક્ષાયાદીમાં અગ્રતાક્રમ મુજબ આવતા અન્ય લાભાર્થીને મંજુરી આદેશ આપવામાં આવશે. ( લાગુ પડતી યોજનાઓ માટે)

૬. તાલુકા મથક અથવા તાલુકાના સેજાના સંબંધિત પશુચિકિત્સા અધિકારીએ લાભાર્થી દ્વારા બકરાંના રહેઠાણ માટે ફેન્સિંગવાળો વાડો અથવા કાચા/પાકા બકરાંના શેડની ખરાઇ કરવાની રહેશે.

૭. લાભાર્થીએ બકરાં યુનીટ સાથે લાભાર્થીનો પોતાનો ફોટો આપવાનો રહેશે.

૮. લાભાર્થીઓને મળવા પાત્ર સહાયની રકમનુ ચુકવણુ નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયતની કચેરીએથી RTGS/NIFT/e- payment થી લાભાર્થીના ખાતામાં સીધીજ ચુકવણી કરવાની રહેશે. અને લાભાર્થીએ બેંક ખાતાને આધારકાર્ડ સાથે જોડવાના (લીંક) રહેશે.

૯. આ યોજનાના બકરાઓની ખરીદી માટે તાલુકા લેવલની સ્થાનિક ખરીદ સંબંધિત જિલ્લા પંચાયતને(પશુપાલન) બનાવી આપવાની રહેશે. યોજનાના બકરા ખરીદ કમીટી મારફતે જ ખરીદવાના રહેશે.

૧૦. દરેક લાભાર્થીને સહાયની યોજના હેઠળ ૧૦ બકરી અને ૧ નર બકરાનું યુનિટ આપવાનું રહેશે.બકરીઓ ૧ થી ૨ વર્ષ સુધીની તથા બકરો ૨ થી ૩ વર્ષનો ખરીદવાનો રહેશે.

૧૧. આ યોજના હેઠળ લાભાર્થીએ ખોરાક,પાણી,ઘાસચારો,રહેઠાણ અને ખાણદાણનો ખર્ચ ૫૦% ફાળા તરીકે ભોગવવાના રહેશે.

૧૨. આ એકમ સામાન્ય સંજોગોમાં ત્રણ વર્ષ સુધી નિભાવવાનુ રહેશે.

૧૩. લાભાર્થીઓએ દૂધ ઉત્પાદનની નોંધ રાખી જયારે તાંત્રિક અધિકારી મૂલાકાતે આવે અને જોવા માંગે ત્યારે રજીસ્ટર તથા માહિતી આપવાની રહેશે.

૧૪. સદરહુ યોજના માટે આઇ ખેડુત વેબસાઇટ ઉપર ઓનલાઇન અરજી કરવાની રહેશે. યોજના અંગેના અમલીકરણ અંગેની સર્વે સત્તા પશુપાલન નિયામકશ્રીની રહેશે. તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીની રહેશે. તથા લાભાર્થીઓને બંધનકર્તા રહેશે.

## પરિશિષ્ટ-બ

આદી જાતિની મહિલા લાભાર્થીઓ માટે બકરાં એકમોની સ્થાપના માટેની સહાયની યોજના વર્ષ ૨૦૧૮ - ૨૦૧૯ માટેની સહાય (શરતો) બોલીઓ

(૧) આ યોજનાનો લાભ ફક્ત અનુસુચિત જન જાતિની પુખ્ત વયની મહિલા લાભાર્થીઓને જ આપવાનો રહેશે.

(૨) એકજ કુટુમ્બના એકજ સભ્યને લાભ આપવાનો રહેશે.

(૩) યોજનામાં અનુ.સુચિત જન જાતિની વિધવા/ત્યક્તા/અપંગ મહિલા અરજદાર લાભાર્થીઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૪) લાભાર્થીઓની અરજીઓ અને પસંદગી આઇ ખેડૂત ઓન લાઇન પધ્ધિતથી થશે, તેમજ આઇ ખેડૂત ઓન લાઇન પોર્ટલ ચાલુ હોય ત્યારે લાભાર્થી ઓન લાઇન અથવા તાલુકા પશુ દવાખાના ખાતે લેખિતમાં (નિયત નમૂનામાં) અરજી કરે તેવા સંજોગોમાં તે અરજી સંબંધિત પશુ ચિકિત્સા અધિકારીએ ઓન લાઇન કરવા મદદરૂપ થવાનું રહેશે.

(૫) આ યોજનાનો લાભ લેવા લાભાર્થીએ આઇ- ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ લઇ તેમાં સહી/ અંગુઠાનું નિશાન કરી અરજી પર દર્શાવેલી ઓફિસ/ કચેરીના સરનામે અરજી ૭ દિવસમાં રજુ કરવાની રહેશે.

(૬) આઇ- ખેડૂત પોર્ટલમાં લાભાર્થી ઓનલાઇન અરજીમાં આધાર અને મોબાઇલ નંબર આપી પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

(૭) લાભાર્થી ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ માટેના સાધનિક દસ્તાવેજો / દાખલાઓ સ્કેન કરી ઓનલાઇન આઇ- ખેડૂત પોર્ટલ ઉપર એટેચ કરી શકે છે અથવા ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ કરી અરજી પર દર્શાવેલી ઓફિસ/ કચેરીના સરનામે નિયત સમયમર્યાદામાં (૭ દિવસમાં ) રજુ કરવાના રહેશે.

(૮) નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓને આઇ- ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન પાત્રતા ( એલીજીબિલીટી) મળ્યા બાદ એલીજીબલ થયેલ અરજીઓની સંખ્યાના આધારે તથા જે તે જિલ્લાના ભૌતિક લક્ષ્યાંકની મર્યાદાને ધ્યાને લઇ પશુપાલન નિયામકશ્રી દ્વારા નિયત કરેલ પધ્ધતિથી જ આઇ- ખેડૂત પોર્ટલ ઉપર સંબંધિત જીલ્લાના નાયબ/ મદદનીશ પશુપાલન નિયામકશ્રી દ્વારા પાત્રતા ધરાવતી અરજીઓને પુર્વ મંજુરી આપવામાં આવશે.

(૯) લાભાર્થીએ ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બારકોડેડ રેશનકાર્ડ તથા આધારકાર્ડની નકલ ( અરજીમાં આધાર નંબર રજુ કર્યો હોય તો ) રજુ કરવાની રહેશે.

(૧૦) લાભાર્થીએ અરજીને ઓનલાઇન પુર્વ મંજુરી મળ્યાના ૯૦ દિવસની સમયમર્યાદામાં એકમની સ્થાપના / ઘટક ખરીદી કરવાની રહેશે. તથા તે અંગેના ખરીદી / બાંધકામના બીલો સમયમર્યાદામાં રજુ કરવાના રહેશે. જો લાભાર્થી આ પ્રમાણે નિયત સમયમર્યાદામાં એકમની સ્થાપના / ખરીદી કરવામાં નિષ્ફળ જશે અથવા સક્ષમ ન હોવાનું જણાયે લાભાર્થીને આપવામાં આવેલ મંજુરી આદેશ રદ કરી પ્રતિક્ષાયાદીમાં અગ્રતાક્રમ મુજબ આવતા અન્ય લાભાર્થીને મંજુરી આદેશ આપવામાં આવશે. ( લાગુ પડતી યોજનાઓ માટે)

(૧૧) સહાયની રકમ RTGS ( Real Time Gross Settlement ) / NEFT/ e- payment થી સીધેસીધી લાભાર્થીના બેંક ખાતામાં ચુકવણી કરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચુકવાશે નહિ.

(૧૨) લાભાર્થીઓની અરજીઓની ચકાસણી તથા ભલામણ તાલુકા અથવા તાલુકાના સેજાના પશુ ચિકિત્સા અધિકારી કરશે.અને તેઓ મારફતે નાયબ પશુપાલન નિયામક, જીલ્લાપંચાયતને મોકલવામાં આવશે.જેઓ તાંત્રિક મંજૂરી તથા સુપર વિઝન વગેરેની કામગીરી કરશે.

(૧૩) લાભાર્થીઓએ બકરા યુનિટ સાથે લાભાર્થીનો પોતાનો ફોટો આપવાનો રહેશે.

(૧૪) આ યોજનાના બકરાંની ખરીદી માટે તાલુકા લેવલની સ્થાનિક ખરીદ સમિતિ સંબંધિત જીલ્લાપંચાયત (પશુપાલન) બનાવી આપવાની રહેશે. યોજના હેઠળ બકરાની ખરીદી ખરીદ સમિતિ મારફતે જ કરવાની રહેશે.

(૧૫) તાલુકા મથકના અથવા તાલુકાના સેજાના સંબંધિત પશુ ચિકિત્સા અધિકારીએ લાભાર્થી દ્વારા બકરાંના રહેઠાણ માટે ફેન્સીંગવાળો વાડો અથવા કાચા/પાકા બકરાંના શેડની ખરાઇ કરવાની રહેશે.

(૧૬) દરેક લાભાર્થીઓને સહાયની યોજના હેઠળ ૧૦ બકરી અને ૧ નર બકરાનું યુનિટ આપવાનુ રહેશે. બકરીઓ ૧ થી ૨ વર્ષ સુધીની તથા બકરો ૨ થી ૩ વર્ષનો ખરીદવાનો રહેશે.

(૧૭) આ યોજના હેઠળ લાભાર્થીઓને ખોરાક,પાણી ઘાસચારો, રહેઠાણ અને ખાણદાણનો ખર્ચ ૫૦ % ફાળા તરીકે ભોગવવાનો રહેશે.

(૧૮) આ એકમ સામાન્ય સંજોગોમાં ત્રણ વર્ષ સુધી નિભાવવાનુ રહેશે.

(૧૯) લાભાર્થીઓએ દુધ ઉત્પાદનની નોધ રાખી જ્યારે તાંત્રિક અધિકારી મુલાકાતે આવે અને જોવા માગે ત્યારે રજીસ્ટર અને માહિતિ આપવાની રહેશે.

(૨૦) યોજના અંગેના અમલીકરણ અંગેની સર્વ સત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારાવધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે. જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

(૨૧) તાલુકા મથકના અથવા તાલુકાના સેજાના સંબંધિત પશુ ચિકિત્સા અધિકારીએ લાભાર્થી દ્વારા બકરાંના રહેઠાણ માટે ફેન્સીંગ વાળો વાડો અથવા કાચા/પાકા બકરાંના શેડની ખરાઇ કરવાની રહેશે.

(૨૨) લાભાર્થીઓએ બકરા યુનિટ સાથે લાભાર્થીનો પોતાનો ફોટો આપવાનો રહેશે.

(૨૩) આ યોજનાના બકરાંની ખરીદી માટે તાલુકા લેવલની સ્થાનિક ખરીદ સમિતિ સંબંધિત જીલ્લા પંચાયત (પશુપાલન) બનાવી આપવાની રહેશે. યોજના હેઠળ બકરાની ખરીદી ખરીદ સમિતિ મારફતે જ કરવાની રહેશે.

(૨૪) દરેક લાભાર્થીઓને સહાયની યોજના હેઠળ ૧૦ બકરી અને ૧ નર બકરાનું યુનિટ આપવાનુ રહેશે. બકરીઓ ૧ થી ૨ વર્ષ સુધીની તથા બકરો ૨ થી ૩ વર્ષનો ખરીદવાનો રહેશે.

(૨૫) આ યોજના હેઠળ લાભાર્થીઓને ખોરાક,પાણી ઘાસચારો, રહેઠાણ અને ખાણદાણનો ખર્ચના ૫૦% ફાળા તરીકે ભોગવવાનો રહેશે.

(૨૬) આ એકમ સામાન્ય સંજોગોમાં ત્રણ વર્ષ સુધી નિભાવવાનુ રહેશે.

(૨૭) લાભાર્થીઓએ દુધ ઉત્પાદનની નોધ રાખી જ્યારે તાંત્રિક અધિકારી મુલાકાતે આવે અને જોવા માગે ત્યારે રજીસ્ટર અને માહિતિ આપવાની રહેશે.

(૨૮) યોજના અંગેના અમલીકરણ અંગેની સર્વ સત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે. જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

**પરિશિષ્ટ-ક**

જનરલ કેટેગરીના લાભાર્થીઓ માટે બકરાં એકમ સ્થાપના માટેની સહાય યોજના વર્ષ ૨૦૧૮ - ૨૦૧૯ માટેની સહાય (શરતો) બોલીઓ

(૧) આ યોજનાનો લાભ જનરલ કેટેગરીના પુખ્ત વયના લાભાર્થીઓને જ આપવાનો રહેશે. એકજ કુટુમ્બના એકજ સભ્યને લાભ આપવાનો રહેશે.

(૨) આ યોજનાનો લાભ લેવા લાભાર્થીએ આઇ- ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ લઇ તેમાં સહી/ અંગુઠાનું નિશાન કરી અરજી પર દર્શાવેલી ઓફિસ/ કચેરીના સરનામે અરજી ૭ દિવસમાં રજુ કરવાની રહેશે.

(૩) આઇ- ખેડૂત પોર્ટલમાં લાભાર્થી ઓનલાઇન અરજીમાં આધાર અને મોબાઇલ નંબર આપી પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

(૪) લાભાર્થી ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ માટેના સાધનિક દસ્તાવેજો / દાખલાઓ સ્કેન કરી ઓનલાઇન આઇ- ખેડૂત પોર્ટલ ઉપર એટેચ કરી શકે છે અથવા ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બિડાણ કરી અરજી પર દર્શાવેલી ઓફિસ/ કચેરીના સરનામે નિયત સમયમર્યાદામાં (૭ દિવસમાં ) રજુ કરવાના રહેશે.

(૫) નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓને આઇ- ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન પાત્રતા ( એલીજીબિલીટી) મળ્યા બાદ એલીજીબલ થયેલ અરજીઓની સંખ્યાના આધારે તથા જે તે જિલ્લાના ભૌતિક લક્ષ્યાંકની મર્યાદાને ધ્યાને લઇ પશુપાલન નિયામકશ્રી દ્વારા નિયત કરેલ પધ્ધતિથી જ આઇ- ખેડૂત પોર્ટલ ઉપર સંબંધિત જીલ્લાના નાયબ/ મદદનીશ પશુપાલન નિયામકશ્રી દ્વારા પાત્રતા ધરાવતી અરજીઓને પુર્વ મંજુરી આપવામાં આવશે.

(૬) લાભાર્થીએ ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ સાથે બારકોડેડ રેશનકાર્ડ તથા આધારકાર્ડની નકલ ( અરજીમાં આધાર નંબર રજુ કર્યો હોય તો ) રજુ કરવાની રહેશે.

(૭) લાભાર્થીએ અરજીને ઓનલાઇન પુર્વ મંજુરી મળ્યાના ૯૦ દિવસની સમયમર્યાદામાં એકમની સ્થાપના / ઘટક ખરીદી કરવાની રહેશે. તથા તે અંગેના ખરીદી / બાંધકામના બીલો સમયમર્યાદામાં રજુ કરવાના રહેશે. જો લાભાર્થી આ પ્રમાણે નિયત સમયમર્યાદામાં એકમની સ્થાપના / ખરીદી કરવામાં નિષ્ફળ જશે

અથવા સક્ષમ ન હોવાનું જણાયે લાભાર્થીને આપવામાં આવેલ મંજુરી આદેશ રદ કરી પ્રતિક્ષાયાદીમાં અગ્રતાક્રમ મુજબ આવતા અન્ય લાભાર્થીને મંજુરી આદેશ આપવામાં આવશે. ( લાગુ પડતી યોજનાઓ માટે)

(૮) સહાયની રકમ RTGS ( Real Time Gross Settlement ) / NEFT/ e- payment થી સીધેસીધી લાભાર્થીના બેંક ખાતામાં ચુકવણી કરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચુકવાશે નહિ.

(૯) લાભાર્થીઓની અરજીઓ અને પસંદગી આઇ ખેડૂત ઓન લાઇન પધ્ધિતથી થશે, તેમજ આઇ ખેડૂત ઓન લાઇન પોર્ટલ ચાલુ હોય ત્યારે લાભાર્થી ઓન લાઇન અથવા તાલુકા પશુ દવાખાના ખાતે લેખિતમાં (નિયત નમૂનામાં) અરજી કરે તેવા સંજોગોમાં તે અરજી સંબંધિત પશુ ચિકિત્સા અધિકારીએ ઓન લાઇન કરવા મદદરૂપ થવાનું રહેશે.

(૧૦) લાભાર્થીઓની અરજીઓની ચકાસણી તથા ભલામણ તાલુકા અથવા તાલુકાના સેજાના પશુ ચિકિત્સા અધિકારી કરશે.અને તેઓ મારફતે નાયબ પશુપાલન નિયામક, જીલ્લાપંચાયતને મોકલવામાં આવશે.જેઓ તાંત્રિક મંજૂરી તથા સુપર વિઝન વગેરેની કામગીરી કરશે.

(૧૧) લાભાર્થીઓએ બકરા યુનિટ સાથે લાભાર્થીનો પોતાનો ફોટો આપવાનો રહેશે.

(૧૨) આ યોજનાના બકરાંની ખરીદી માટે તાલુકા લેવલની સ્થાનિક ખરીદ સમિતિ સંબંધિત જીલ્લાપંચાયત (પશુપાલન) બનાવી આપવાની રહેશે. યોજના હેઠળ બકરાની ખરીદી ખરીદ સમિતિ મારફતે જ કરવાની રહેશે.

(૧૩) તાલુકા મથકના અથવા તાલુકાના સેજાના સંબંધિત પશુ ચિકિત્સા અધિકારીએ લાભાર્થી દ્વારા બકરાંના રહેઠાણ માટે ફેન્સીંગવાળો વાડો અથવા કાચા/પાકા બકરાંના શેડની ખરાઇ કરવાની રહેશે.

(૧૪) દરેક લાભાર્થીઓને સહાયની યોજના હેઠળ ૧૦ બકરી અને ૧ નર બકરાનું યુનિટ આપવાનુ રહેશે. બકરીઓ ૧ થી ૨ વર્ષ સુધીની તથા બકરો ૨ થી ૩ વર્ષનો ખરીદવાનો રહેશે.

(૧૫) આ યોજના હેઠળ લાભાર્થીઓને ખોરાક,પાણી ઘાસચારો, રહેઠાણ અને ખાણદાણનો ખર્ચ ૫૦ % ફાળા તરીકે ભોગવવાનો રહેશે.

(૧૬) આ એકમ સામાન્ય સંજોગોમાં ત્રણ વર્ષ સુધી નિભાવવાનુ રહેશે.

(૧૭) લાભાર્થીઓએ દુધ ઉત્પાદનની નોધ રાખી જ્યારે તાંત્રિક અધિકારી મુલાકાતે આવે અને જોવા માગે ત્યારે રજીસ્ટર અને માહિતિ આપવાની રહેશે.

(૧૮) યોજના અંગેના અમલીકરણ અંગેની સર્વ સત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે. જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

ધી રાઈટ ટુ ઈન્ર્ફોમેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ  શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૧૪ ને  લગતી માહિતી દર્શાવતું પત્રક

પત્રક - ક

પ્રકરણ -૧૪

| | |
|---|---|
| વિષય :- | આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો. |

આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો.

--- નીલ ---

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ  શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૧૫ ને લગતી માહિતી દર્શાવતું પત્રક

**પ્રકરણ-૧૫**

| | |
|---|---|
| **વિષય :-** | **કાર્યો કરવા માટે નકકી કરેલાં ધોરણોઃ** |

**કાર્યો કરવા માટે નકકી કરેલાં ધોરણોઃ**

**૧૫.૧ વિવિધ પ્રવૃતિઓ / કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગતો.**

પશુપાલન ખાતાના એક ભાગ રૂપ ઘેટાં વિકાસ શાખા હસ્તકની વિવિધ પ્રવૃતિઓ / કાર્યક્રમોને સમગ્ર વર્ષ દરમ્યાન અમલીકરણ કરવા અત્રેથી નિયત કરેલ નાણાંકીય તેમજ ભૌતિક સક્ષ્યાંકોની સામે ક્ષેત્રિય કક્ષાએથી કચેરીઓ / સંસ્થાઓને જણાવવામાં આવે છે.

**ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૧૬ ને લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક - ક**

**પ્રકરણ -૧૬**

| | |
|---|---|
| વિષય :- | વીજાણુ રૂપે ઉપલબ્ધ માહિતી |

**વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી :**

૧૬.૧ વીજાણુરૂપે ઉપલભ્ય વિવિધ યોજનાઓની માહિતી. સમગ્ર પશુપાલન ખાતાની આ અંગેની માહિતી વીજાણુરૂપે ઉપલબ્ધ થઈ શકે તે અર્થે www.gswan.gov.in વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે.

**ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૧૭ ને લગતી માહિતી દર્શાવતું પત્રક**

**પત્રક - ક**

**પ્રકરણ -૧૭**

| | |
|---|---|
| વિષય :- | માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો. |

**માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો.**

**૧૭.૧** લોકોને માહિતી મળે તે માટે વિભાગે અપનાવેલ સાધનો પ્રધ્ધતિઓ અથવા સવલતો જેવી કે, પશુપાલન ખાતાની પશુપાલન નિયામકશ્રીની કચેરી - બ્રાન્ચ, સંયુકત ઉપક્રમે જે સવલતોનું આયોજન થનાર હોઈ અત્રે સ્પર્શતું નથી.

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ર૦૦પ સંદર્ભે પશુપાલન નિયામકની કચેરી, ગુ.રા, કૃષિભવન ગાંધીનગર ખાતે આવેલી ઘેટા વિકાસ  શાખાને લગતા ૧૮ પ્રકરણો પૈકી પ્રકરણ નં. - ૧૮  ને લગતી માહિતી દર્શાવતું પત્રક

પત્રક - ક

પ્રકરણ -૧૮

| | |
|---|---|
| વિષય :- | અન્ય ઉપયોગી માહિતી. |

-- નીલ  --